પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૩ | ૨ જુન, ૨૦૧૮, શનિવાર ; અ. જેઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક


**કર્ણાટકમાં કેબીનેટ વિસ્તરણ પર સહમતિ**

કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસ વચ્ચે કેબીનેટમાં સ્થાન બાબતે સહમતિ બની ગઈ છે. કેબીનેટમાં કઈ પાર્ટીના કયા નેતાને કયુ પ્રધાનમંડળ અપાશે તેની જાણકારી પ્રેસ કોન્ફરન્સમાં અપાઈ હતી.

**એસબીઆઈ-યુનિયન બેંકની લોન મોંઘી**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ માર્જિનલ કોસ્ટ આધારિત લેન્ડીંગ રેટ એટલે કે MCLRને ૦૧ ટકા વધારી દીધો છે. જેથી કરીને ૧લી જૂનથી એસબીઆઈ અને યુનિયનના ગ્રાહકોને લોન પર ૦.૧ ટકા વધુ વ્યાજ ચુકવવુ પડશે.

**આઈપીએલ સટ્ટાબાજીમાં સલમાનખાનના ભાઈની સંડોવણી**



અભિનેતા સલમાનખાનના ભાઈ ફિલ્મ નિર્દેશન અરબાજખાનને ઠાણે પોલીસમથકે સમન્સ જારી કર્યુ છે. આઈપીએલમાં સટ્ટાબાજીનો આરોપ અરબાજખાન પર છે.

**સિમલામાં બસને અકસ્માત : ૮ના મોત**

પર્યટન સ્થળ સિમલા નજીક એક બસ ખાઈમાં પડી ગઈ હતી. આ ઘટનામાં ૮ના મોત થયા હોવાના અહેવાલ છે.

# એલપીજી સિલિન્ડરમાં ભાવ વધારો

**સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં બે રૂપિયાનો વધારો : હોટલો અને રેસ્ટોરન્ટમાં ઉપયોગ કરાતા કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો ઝીંકાયો**



નવીદિલ્હી,તા. ૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે વધુ એક ફટકો પડ્યો હતો. જૂન મહિનાના પ્રથમ દિવસે જ ખુબ જ ઉપયોગી એવા એલપીજી સિલિન્ડર પણ વધુ મોંઘા થઈ ગયા હતા. સ્થાનિક ગેસ અને કોમર્શિયલ બંનેની ગેસ કિંમતોમાં આજે વધારો કરવામાં આવ્યો હતો. એકબીજુ બિનસબસિડીવાળા એલપીજી અથવા તો રાંધણ ગેસની કિંમતમાં સિલિન્ડરદીઠ ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો જ્યારે સબસિડીવાળા ઘરમાં ઉપયોગ કરવામાં આવતા એલપીજી સિલિન્ડરની કિંમતમાં સિલિન્ડરદીઠ બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. બે રૂપિયાનો વધારો એવા સિલિન્ડરમાં કરવામાં આવ્યો છે જે સબસિડીના આધારે

૧૨ સિલિન્ડર વર્ષમાં એક પરિવારને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આજના વધારાની સાથે જ બિનસબસિડીવાળા એલપીજીની કિંમત દિલ્હીમાં ૬૯૮.૫ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે કોલકાતામાં પ્રતિ સિલિન્ડર ૭૨૩.૫ રૂપિયા જ્યારે મુંબઈમાં પ્રતિ સિલિન્ડર ૬૭૧.૫ રૂપિયા થઈ ગઈ છે. ચેન્નાઈમાં આની

● અનુસંધાન પાન-૭ પર

## ભારતને સબાંગ બંદરનો ઉપયોગ કરવા ઈન્ડોનેશિયાની મંજુરી

**નરેન્દ્ર મોદીની ઇન્ડોનેશિયાની યાત્રામાં મોટી સફળતા : ઇન્ડોનેશિયન બંદરના ઉપયોગને મંજુરી મળતા પાકિસ્તાન-ચીન ઉપર સકંજો**



નવીદિલ્હી,તા. ૧

ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે સંબંધોને નવી ઉંચાઇ ઉપર લઇ જવા માટે જુદી જુદી સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બંને દેશો વચ્ચે ૧૫ સમજૂતિ પર હસ્તાક્ષર થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈન્ડોનેશિયાના પ્રમુખ જકો વિડોડો વચ્ચે વિસ્તારપૂર્વક વાતચીત થયા બાદ આ સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બંને નેતાઓએ મેરિન, ઈકોનોમી, સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સહકારને લઈને ચર્ચા વિચારણા કરી છે. ક્ષેત્રિય અને વૈશ્વિક મુદ્દા ઉપર પણ વાતચીત થઈ છે. ઈન્ડોનેશિયાએ ભારતને ખુબ જ મહત્વપૂર્ણ ગણાતા પોતાના સબાંગ બંદરના લશ્કરી અને આર્થિક ઉપયોગની મંજુરી આપી દીધી છે. વ્યૂહાત્મક દ્રષ્ટિએ મોદીની ઈન્ડોનેશિયાની યાત્રાની સૌથી સફળ બાબતો પૈકીની એક તરીકે આને ગણવામાં આવે છે. આની મદદથી પડોશમાં ભારતીય નૌકા સેનાની તાકાતમાં વધુ વધારો થયો છે. હવે ચાર મુખ્ય વિદેશી બંદરો સુધી ભારતની મજબૂતી થઈ ગઈ છે. સબાંગ ઈન્ડોનેશિયા, મલક્કા જળ સમજૂતિને લઈને આ બંદરના ઉપયોગને ખુબ ઉપયોગી

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં ૨૦ ત્રાસવાદી ઘુસ્યા

**મોટા હુમલાઓનો ભય : રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ એલર્ટની જાહેરાત : આગામી બે ત્રણ દિવસ દરમિયાન સેના અથવા તો સેનાના કોઇ મોટા સ્થળ પર આત્મઘાતી હુમલો થઇ શકે : હિટ એન્ડ રન પ્રકારના હુમલાઓનો ભય**

નવીદિલ્હી,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં ૨૦થી વધારે ખતરનાક ત્રાસવાદીઓ ઘુસી ગયા હોવાના ઈન્ટેલિજન્સ અહેવાલ બાદ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીર ઉપરાંત દેશના કેટલાક અન્ય ભાગોમાં પણ આત્મઘાતી હુમલાની દહેશત દેખાઈ રહી છે. ગુપ્તચર હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આગામી બે ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં સુરક્ષા દળો પર અને ખાસ કરીને સેનાને ટાર્ગેટ બનાવીને કોઈ મોટો હુમલો કરવામાં આવી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાંથી આશરે ૨૦ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી ચુક્યા છે. આ ઈન્ટેલિજન્સ હેવાલ બાદ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. દિલ્હીમાં પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. સુરક્ષા સંસ્થાઓએ ચેતવણી જારી કરતા કહ્યુ છે કે ત્રાસવાદીઓ કોઈ મોટા હુમલાને અંજામ આપવાની તૈયારીમાં છે. આવનાર બે ત્રણ દિવસના ગાળામાં સેના અથવા તો તેની કોઈ છાવણી પર હુમલો કરવામાં આવી શકે છે. સુરક્ષા દળોએ એવી શંકા પણ વ્યક્ત કરી

● અનુસંધાન પાન-૭ પર



## પેટ્રોલમાં છ અને ડીઝલમાં પાંચ પૈસાનો ઘટાડો

નવીદિલ્હી,તા. ૧

પેટ્રોલ અને ડીઝલની કિંમતોને લઈને ભારે હોબાળો થયેલો છે ત્યારે બંને પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં આજે સતત ત્રીજા દિવસે ઘટાડો કરવામાં આવ્યો હતો. આજે સતત ત્રીજા દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ક્રમશઃ લીટરદીઠ ૬ પૈસા અને પાંચ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે જેથી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધુ ઘટાડો થયો છે. આજના ઘટાડાની સાથે જ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ઘટીને ૭૮.૨૯ રૂપિયા થઈ ગઈ છે જે હાલમાં ૭૮.૩૫ રૂપિયા હતા. તેલ કંપનીઓ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશનમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

આવી જ રીતે ડીઝલની કિંમતમાં લીટરદીઠ ઘટાડો કરવામાં આવ્યા બાદ તેની કિંમત ૬૯.૨૫ રૂપિયાથી ઘટીને ૬૯.૨૦ રૂપિયા થઈ ગઈ છે. વેટ અને લોકલ સેલટેક્સ ઉપર આધારિત કિંમતો રાજ્યમાં લાગૂ થનાર છે. આને ધ્યાનમાં લેવામાં આવે તો દિલ્હીમાં તમામ મેટ્રો અને મોટાભાગના રાજ્યના પાટનગર કરતા કિંમતો ઓછી છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં અવિરતરીતે ૧૬ દિવસ સુધી વધારો કરવામાં આવ્યા બાદ હવે ઘટાડો કરવામાં આવ્યો છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી દરમિયાન કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા ન હતા.

# પેટાચૂંટણીમાં મત ઘટતા ભાજપ ચિંતામાં

નવી દિલ્હી,તા. ૧

દેશની ચાર લોકસભા અને ૧૦ વિધાનસભા સીટ પર થયેલી પેટાચૂંટણીના પરિણામ ભાજપ માટે ખતરાની ઘંટી સમાન છે. તેમાં જો કર્ણાટકની આરઆરનગર વિધાનસભાની સીટના પરિણામને જોડી દેવામાં આવે તો સ્કોર ૩-૧૨ થઈજાય છે. ભાજપ માટે સૌથી ચિંતાજનક બાબત એ છે કે વર્ષ ૨૦૧૪ લોકસભા ચૂંટણી બાદ ૨૭ લોકસભા સીટ પર પેટાચૂંટણી થઈ ચુકી છે જેમાં ૨૪ ઉપર ભાજપે સીધી રીતે ટક્કર લીધી હતી. આ સીટ પર તેની પાંચ સીટ પર જીત થઈ છે. બાકી સીટો વિપક્ષની સામે ગુમાવી દીધી છે. જો આ પરિણામનુ મુલ્યાંકન કરવામાં આવે તો ભાજપ તેની જીતેલી સીટો જ હારી નથી બલ્કે તેની મત હિસ્સેદારીમાં પણ ઘટાડો થયો છે.

કૈરાનાની વાત કરવામાં આવે તો ૨૦૧૪માં ભાજપના સાંસદ હુકુમસિંહને ૫૦.૬ ટકા મત મળ્યા હતા. હુકમસિંહના નિધન બાદ યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપે મૃગાંકસિંહને ઉતાર્યા હતા. હવે ભાજપને માત્ર ૪૬.૫ ટકા મત મળ્યા છે. મહારાષ્ટ્રની બે લોકસભા સીટ પર પણ આવી જ સ્થિતી સર્જાઇ છે. છેલ્લી ચૂંટણીની તુલનામાં આ વખતે પાલઘરમાં નવ ટકા અને ગોંદિયા-ભંડારામાં ૨૩ ટકા મત ભાજપને ઓછા મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

AUPP ABROAD UNIFIED PATHWAY PROGRAM | ATMC AUSTRALIAN TECHNICAL & MANAGEMENT COLLEGE
જાણો...કેવી રીતે...?
AUPP પાથવે પ્રોગ્રામ દ્વારા 14 લાખ અને 1 વર્ષ બચાવી શકાય છે
FREE SEMINAR
STUDY in AUSTRALIA
ધો: ૧૨ તથા ડીપ્લોમાં વિદ્યાર્થીઓ માટે
Date : 3-6-2018 (Sunday) Time : 9.30 am
Venue : REAL TASTE RESTAURANT, 3rd Floor, Dwarkesh Corporate, RADHANPUR CIRCLE, MEHSANA
Call for Registration : Career Craaft, Ahmedabad.
9662241631 | 9998467712

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

માહી કોમર્સ ઝોનના તેજસ્વી તારલાઓને અભિનંદન...
Board 4th – Janvi Chavda – PR : 99.96 – Centre First – A1 Grade – Account-100/100
Board 8th – Mansi Patel – PR : 99.91 – Centre Third – A1 Grade
Board 11th – Vidhi Suthar – PR : 99.88 – Centre Sixth – A1 Grade
Board 11th – Kanisha Rathod – PR : 99.88 – Centre Sixth – A1 Grade

॥ શ્રી સ્વામીનારાયણ નમઃ ॥
આજે છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ
વેલકમ હમ દિલસે કરતે હૈ...
૨-જૂન, ૨૦૧૮ના રોજ આપ સૌના સાથ-સહકાર અને સહયોગથી હોટલ મીડલ ટાઉને પાંચ વર્ષની મંજીલ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે ત્યારે આ શુભ દિને હોટલ મીડલ ટાઉન તથા હોટલ ઘુંઘટ પરિવાર હૃદયપૂર્વક આપ સૌ માટે આભાર વ્યક્ત કરે છે
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ + કોલ્ડ્રીંક
ખાસ
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૨૧૦
પાવર લન્ચ : રૂ.૧૭૦
તથા રહેવા માટે સર્વોત્તમ રૂમની સગવડ
એ.સી. / નોન એ.સી. તથા સ્યુટરૂમ
એ.સી. બેન્ક્વેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
આપની એકવારની મુલાકાત કાયમી સંભારણું બનવાની ખાતરી અમારી
ઘ-૦ | રીલાયન્સ ચોકડી | ઘ-રોડ | TCS | મીડલ ટાઉન
પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯ - ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૮૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com
આજના આનંદના દિવસે ૧૦ ટકા ખાસ આકર્ષક વળતર